SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ધાર્મિક ગ્રંથોમાં શ્રીકૃષ્ણ જીવન ચરિત્ર

*નિલેશકુમાર સામત આંબલિયા*

## ➢ પ્રસ્તાવના :

ભારત ભૂમિ પુણ્ય ભૂમિ, પવિત્ર ભૂમિ. ભારતની આ પવિત્ર ધરા ઉપર સાક્ષાત ભગવાન વિષ્ણુ અવતાર ધારણ કરીને એક સામાન્ય મનુષ્યના ઘરે શ્રીકૃષ્ણ સ્વરૂપે જન્મ લીધો હતો. જેમનું પોતાનું આખું જિવન જ એક ગ્રંથ સમાન છે. ભગવાન શ્રીકૃષ્ણે આ પૃથ્વી પર અવતાર લઈને પોતાના કાર્ય દ્વારા, લીલાઓ દ્વારા દુષ્ટોનો નાશ કર્યો અને દીન-દુઃખી લોકોને ઉગાર્યા એવા ભગવાન શ્રીકૃષ્ણના જિવન ચરિત્રની વાત કરવાનો આશય અહી રાખવામાં આવેલ છે.

## ➢ શ્રીકૃષ્ણ ચરિત્ર :

**જન્મ :** વસુદેવ અને દેવકીનાં લગ્ન થયા પછી કંસ કાકાની દીકરી બહેન દેવકીને શ્વશુરગૃહે પહોંચાડવા જતો હતો. માર્ગમાં દેવકીના આઠમા સંતાન દ્વારા પોતાનું મૃત્યુ થશે એ જાણતાં કંસે વસુદેવ-દેવકીને કારાગૃહમાં નાખ્યાં. તેમના સાત પુત્રોની હત્યા કરી. આઠમા પુત્ર કૃષ્ણનો જન્મ શ્રાવણ વદ આઠમને બુધવારની મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્ર હતું ત્યારે કારાગારમાં થયો.

વસુદેવે શ્રીકૃષ્ણની રક્ષા માટે તેમને ગોકુળમાં નંદ ગોપને ત્યાં પહોંચાડ્યા; અને નંદપત્ની યશોદાની નવજાત કન્યાને લઈને કારાગૃહમાં પાછા આવ્યા. કંસે કન્યાનો વધ કરવા પ્રયત્ન તો કર્યો, પણ ફાવ્યો નહિ. અહીં એને આકાશવાણીથી ખબર પડી કે દેવકી-વસુદેવનો પુત્ર તો સુરક્ષિત સ્થાને પહોંચી ગયો છે. યાદવોના પુરોહિત ગર્ગ મુનિએ ગુપ્તરૂપે કૃષ્ણના નામકરણાદિ સંસ્કાર અને ભવિષ્યકથન કર્યાં.

**વ્યક્તિત્વ :** મહામાનવ અને પૂર્ણાવતાર, સત્ય, ઋત, ધર્મ, શાશ્વત બ્રહ્મ, સનાતન ધ્રુવ જ્યોતિ અને સર્વન્તર્યામી એમ અનેક રીતે કૃષ્ણ નિરૂપાયા અને ગવાયા છે. વ્રજનાથ અને ગિરિરાજધરણ ગોપેન્દ્ર-ગોવિંદરૂપે; મુરલીધર, રાસેશ અને ગોપીજનવાભરૂપે, ધર્મસંસ્થાપક, ધર્મસંવર્ધક, સજ્જનસંરક્ષક અને દુર્જનોના વિનાશકરૂપે; પાંડવોના નેતા પાર્થસારથિ અને ગીતાગાયકરૂપે; સમગ્ર વિશ્વમાં વસી રહેલા વાસુદેવ અને જગતમાં સંક્રમણ કરનાર ત્રિવિક્રમ વિષ્ણુરૂપે; મહાયોગેશ્વર અને યોગાચાર્યરૂપે; પુરુષોત્તમ, અન્તર્યામી અને નરના સનાતન સખા નારાયણરૂપે; એમ વિશ્વના અગણિત કવિઓ, વિદ્વાનો, સંતો, ભક્તો અને બહુજનસમાજે તેમના વ્યક્તિત્વનું અનેકશઃ કીર્તન, નિરૂપણ અને સંશોધન કર્યું છે.

**બાળલીલા :** કંસે પોતાની બહેન અને ધાત્રી પૂતનાને કૃષ્ણનો વધ કરવા મોકલી. તેણે વ્રજમાં આવી શ્રીકૃષ્ણના મુખમાં પોતાનું વિષયુક્ત સ્તન મૂક્યું. કૃષ્ણ તેના સ્તન્યને તેના પ્રાણ સાથે પી ગયા. એ રીતે તૃણાવર્ત, વત્સાસુર, બકાસુર, અઘાસુર, વ્યોમાસુર, અરિષ્ટાસુર, કેશી વગેરેનો પણ કૃષ્ણે વધ કર્યો. ગાડા નીચે સુવાડેલા શ્રીકૃષ્ણે સ્તન્યપાનની ઉત્કટ ઇચ્છાથી રડતાં રડતાં હાથપગ ઉછાળીને પગના ધક્કાથી શકટને ઊંધું પાડ્યું.

યમુનાના જળને વિષાક્ત બનાવતા કાલિય નાગનું દમન કર્યું. ભારે તોફાનમસ્તી માટે યશોદાએ તેમને ઊખલ સાથે દામણાથી બાંધ્યા. મહાયોગીઓથીય ન બંધાનાર કૃષ્ણ વાત્સલ્યમી માતાના સ્નેહથી બંધાયા. ખાંડણિયા સાથે ઘસડાઈને ચાલ્યા. બે યમલાર્જુન વૃક્ષના રૂપમાં રહેલા કુબેરના બે પુત્રોને શાપમુક્ત કર્યા. દાવાનળપાન કર્યું. બ્રહ્માજીને થયેલો મોહ-ભ્રમ દૂર કર્યો. પ્રપન્ન ઋષિપત્નીઓનું ભોજન સ્વીકારી તેમની વિષયાસક્તિની બેડીઓ તોડી નાખી. ગોવર્ધનધારણ કરી ઇન્દ્રનો ગર્વ ઉતાર્યો. યમુનામાં ડૂબી ગયેલા પિતા નંદ ગોપને વરુણ પાસેથી પાછા લાવ્યા વગેરે અનેક બાળલીલાઓ કરી.

**સૌંદર્ય :** વ્રજવાસીઓનાં સદભાગ્ય તો અસીમ હતાં. પરમાનંદસ્વરૂપ સનાતન પરિપૂર્ણ બ્રહ્મ એમના મિત્ર હતા. માથા ઉપર મયૂરપિચ્છ, કાનમાં કણેરનાં ફૂલ, ઘનશ્યામ, શરીર ઉપર પીળું પીતાંબર, ગળામાં વૈજયન્તી માળા, શ્રેષ્ઠ નટ જેવો સુંદર વેશ, વેણુનાં છિદ્રોમાંથી વિશ્વમોહન મધુર ધ્વનિ અને પાછળ પાછળ એમનાં યશોગાન ગાતા ગાતા ગોપાળના બાળ. એ મુરલીને સુણીને વ્રજનાં નિવાસીઓ બાલકૃષ્ણમય થઈ જતાં. મનોમન બાલકૃષ્ણને આલિંગન આપતાં. એમની વેણુઓ પણ અનેક પ્રકારની. એમનાં નામ : મહાનંદા, મદનઝંકાર, સરલા, આનંદિની, સમ્મોહિની ઈત્યાદિ.

**ચીરહરણ અને રાસલીલા :** બાલકૃષ્ણ એટલે નિખિલ વિશ્વના આત્મા. નિર્દોષ ગોપીકુમારીરૂપી પરમ પ્રપન્ન ભક્તોના પ્રેમથી આત્કૃષ્ટ લાવણ્યસાર બાલકૃષ્ણે તેમનાં માયાનાં આવારણ દૂર કર્યાં તે ચીરહરણનો સાર. રાસલીલા પ્રપત્ન્ન પ્રેમાળ ભક્તોના પરમાત્મા સાથેના મિલન અને ઐક્યથી અનુભવાતા બ્રહ્માનંદની સૂચક છે. શાન્ત, દાસ્ય, સંખ્ય, વાત્સલ્ય અને સર્વોત્કૃષ્ટ મધુર ભાવથી ભાવિત ભક્તજનો અને સાક્ષાત્ મન્મથમન્મથી સાક્ષાત્ કામદેવના ચિત્તને પણ મથી નાખનાર બાલકૃષ્ણના મિલનનું એ અણચાખ્યા રસનું દર્શન છે. ઇન્દ્રિયાતીત ભગવાન કૃષ્ણને સર્વત્ર આત્મારૂપે અનુભવતા મધુર ભાવથી પ્રસન્નચિત્ત ભક્તહૃદયની એ વર્ણનાતીત અનુભૂતિ છે.

**માન્યતા :** પ્રાચીન તમિળ સાહિત્યમાં કણ્ણન ( કૃષ્ણ ) અને નપ્પિનૈની લીલા અને નૃત્યોનો ઉલ્લેખ છે. વિઘ્નો દૂર કરવા માટે આયરો ( આહીરો ) માં શ્રીકૃષ્ણને રીઝવવા 'કુરવૈ- કૂત્તુ’ રાસ નૃત્ય ( રાસલીલા ) આવશ્યક હતું. શ્રીકૃષ્ણે મોટાભાઈ બલરામ અને પ્રિયતમા નપ્પિનૈનીને સાથે રાખીને રાસલીલા કરેલી એમ આહીરો માનતા. તમિળ નપ્પિનૈની ના પાત્ર ઉપરથી રાધાના વ્યક્તિત્વનો વિકાસ થયો છે એમ ઘણા વિદ્વાનો માને છે.

**રાધા-કૃષ્ણ સંબંધ :** રાધા-કૃષ્ણનો સંબંધ આધ્યાત્મિક છે. તેનું વર્ણન ‘બ્રહ્મવૈવર્તપુરાણ' માં રાધા અને કૃષ્ણનો અભેદ દર્શાવતાં કર્યુ છે : ‘ જેમ દૂધમાં ધવલતા, અગ્નિમાં દાહક શક્તિ અને પૃથ્વીમાં ગંધ છે એમ શ્રીકૃષ્ણ રાધામાં વ્યાપ્ત છે. રાધા સૃષ્ટિની આધારભૂતા છે અને શ્રીકૃષ્ણ અચ્યુત બીજરૂપ છે. રાધા શ્રીકૃષ્ણની શોભા છે. એકલા શ્રીકૃષ્ણ કૃષ્ણ (કાળા) કહેવાય છે, જ્યારે રાધાની સાથે હોય છે ત્યારે શ્રીકૃષ્ણ (શોભાવંત શ્રીકૃષ્ણ) કહેવાય છે.'

**કંસવધ :** ગોકુળમાં શ્રીકૃષ્ણ અગિયાર વર્ષ રહ્યા. તે પછી કંસે શ્રીકૃષ્ણને અમાપ બળશાળી અને મલ્લવિદ્યાવિશારદ જાણી અક્રૂર મારફતે મથુરા બોલાવ્યા. નગરમાં ઘૂમતાં તેમણે એક ધોબી પાસેથી કપડાં લીધાં, એક દરજીએ તેમને રંગબેરંગી વસ્ત્ર આપ્યાં, એક માળીએ પુષ્પહાર અર્પ્યો, ત્રિવક્રા કુબજાએ કંસ માટેનો ચંદનલેપ લગાવી આપ્યો. શ્રીકૃષ્ણે તેનું કુબજાપણું દૂર કરી સુંદરી બનાવી અને વેપારીઓએ વિવિધ ઉપહારોથી એમનો સત્કાર કર્યો. કૃષ્ણે શસ્ત્રાગારમાંનું ભવ્ય ધનુષ્ય તોડ્યું, કુવલયાપીડ હાથીને લીલયા માર્યો અને બલરામ સહિત શ્રીકૃષ્ણ અખાડામાં પ્રવેશ્યા. ચાણૂર-શલ-તોષલને માર્યા. ખીજવાયેલા કંસને સિંહાસન ઉપરથી ઉથલાવીને સંહાર્યો. માતાપિતા દેવકી-વસુદેવને પ્રેમથી મળ્યા. કંસના પિતા ઉગ્રસેનને ગાદીએ બેસાડ્યા.

**દ્વારકાગમન** : કંસવધ પછી કંસનો સસરો જરાસંઘ મથુરા ઉપર વારંવાર આક્રમણ કરવા લાગ્યો, તેથી નાગરિકોને યુદ્ધથી તકલીફ ન થાય તે માટે કૃષ્ણ-બલરામ મથુરા છોડી દક્ષિણમાં ગયા. પીછો કરતા જરાસંઘને સહ્યાદ્રિના ગોમંત શિખર પાસે હરાવ્યો. પુનઃ મથુરા આવ્યા. તે પછી મથુરા ત્યજીને સૌરાષ્ટ્રમાં કુશસ્થલી (દ્વારકા) માં નિવાસ કર્યો.

**વિવાહ :** લોકમાન્યતા અને 'ભાગવત' અનુસાર શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ હતી. રુક્મિણી, સત્યભામા, જાંબવતી, કાલિંદી, મિત્રવિંદા, સત્યા, ભદ્રા અને લક્ષ્મણા. ' હિરવંશ ' વગેરે પુરાણોમાં આ સંખ્યા અને નામોમાં ઘણો ફેરફાર છે. તદુપરાંત નરકાસુરે અપહરણ કરેલી અને શ્રીકૃષ્ણે છોડાવેલી 16,000 કુમારિકાઓ સાથે પણ તેમણે વિવાહ કરેલો.

**જરાસંધવધ :** દ્રૌપદીસ્વયંવરમાં શ્રીકૃષ્ણ હાજર રહેલા. અહીં તેઓ પાંડવોને મળેલા. દ્રૌપદીને વર્યા પછી પાંડવોએ ખાંડવપ્રસ્થના (શેરડીના વિસ્તારના) ઘોર જંગલમાં શ્રીકૃષ્ણના માર્ગદર્શન નીચે ઇન્દ્રપ્રસ્થનગર બાંધ્યું. અર્જુને સુભદ્રા સાથે લગ્ન કર્યું તે પછી શ્રીકૃષ્ણ-અર્જુને ખાંડવદહન કર્યું. અહીં અગ્નિએ શ્રીકૃષ્ણને વજનાભ સુદર્શન ચક્ર અને વરુણે કૌમોદકી ગદા આપી.

આ પછી રાજસૂય યજ્ઞ કરવા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સલાહ માગી. તેમણે અનુમતિ આપી. તે માટે વૈદિક આર્યધર્મમાં જેનું જરાય સ્થાન નથી તેવો નરમેધ કરવા ઉદ્યુક્ત જરાસંઘ જેવા બળવાન રાજાનો વધ કરવો અનિવાર્ય છે તે દર્શાવ્યું. તે માટે બરાબર આયોજન કરીને ક્ષત્રિય સ્નાતકના વૈષમાં શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમ જરાસંઘને ત્યાં ગયા. તેને નરમેઘ બંધ કરવા અથવા દ્વંદ્વયુદ્ધ કરવા પડકાર્યો. દ્વંદ્વયુદ્ધમાં ભીમસેને જરાસંઘનો વધ કર્યો. બંદિવાન રાજાઓને મુક્ત કર્યાં. એક મહાન અધર્મકાર્ય બંધ રહ્યું. જરાસંઘના પુત્ર સહદેવને ગાદીએ બેસાડ્યો.

**શિશુપાલવધ :** પાંડવોના રાજસૂય યજ્ઞમાં ભીષ્મે શ્રીકૃષ્ણને અગ્રપૂજાનું માન આપ્યું. જરાસંઘનો એક સમયનો સેનાપતિ શિશુપાલ છંછેડાયો. શ્રીકૃષ્ણને વ્યક્તિગત ગાળો આપી અપમાન્યા. નમ્રતાના સાગર શ્રીકૃષ્ણે સહન કરી લીધું, પણ તેણે જ્યારે યુદ્ધનું આહ્વાન કરી રાજસૂયને ભયમાં મૂક્યો ત્યારે પોતે રાજયના રક્ષકનું કાર્ય સંભાળેલું હોઈ તેનો વધ કર્યો. શ્રીકૃષ્ણ વ્યક્તિગત અપમાન કે દુશ્મનાવટની ઉપેક્ષા કરતા સામાજિક દુશ્મનાવટની કદી નહિ. શ્રીકૃષ્ણ રાજસૂય પ્રસંગે ઇન્દ્રપ્રસ્થમાં હતા ત્યારે તેમની અનુપસ્થિતિમાં શિશુપાલના મિત્ર માર્તિકાયનના શાલ્વે દ્વારકાને ખેદાનમેદાન કરેલી, શ્રીકૃષ્ણ દ્વારકા પાછા ફર્યા પછી તેનો વધ કર્યો.

**મહાભારત યુદ્ધ :** દ્યૂતખેલનમાં હારેલા પાંડવો વનવાસમાં હતા, ત્યારે શ્રીકૃષ્ણ તેમને અવારનવાર મળતા. સખી દ્રૌપદીને આશ્વાસતા. પાંડવોનો વનવાસ દ્યૂતની શરત અનુસાર પૂર્ણ થયો છતાં દુર્યોધને પાંડવોને રાજ્ય આપવાનો નન્નો ભણ્યો. યુદ્ધની તૈયારીઓ ચાલી. તેમાં અર્જુન અને દુર્યોધન બન્ને શ્રીકૃષ્ણની મદદ યાચવા આવ્યા. દૈવી સંપત્તિના અધિનાયક શ્રેયોભિલાષી અર્જુને યુદ્ધમાં નહિ લડનાર શ્રીકૃષ્ણને માર્ગદર્શક નેતા અને સારિથ તરીકે પસંદ કર્યા. આસુરી સંપત્તિવાળો દુર્યોધન તો કરોડોનું ગોપસૈન્ય મેળવી રાજીના રેડ થઇ ગયો.

શ્રીકૃષ્ણની અને પાંડવોની ઇચ્છા પણ યુદ્ધ ન થાય અને શાન્તિ જળવાય તેવી હતી. તેથી પાંડવો તરફથી શાન્તિ માટે રાજદૂત બનીને શ્રીકૃષ્ણ હસ્તિનાપુર ગયા. શ્રીકૃષ્ણને પાંડવોથી અલગ પાડવા, તેમના માર્ગમાં અનેક જાતની લોભામણી સગવડો અને ભેટો આપવા વગેરેનું કૌરવોએ આયોજન કર્યું. સ્થિરબુદ્ધિ કૃષ્ણ તો તેના તરફ નજર પણ નાખ્યા વિના સીધા હસ્તિનાપુર પહોંચ્યા. દુર્યોધને શ્રીકૃષ્ણને ભોજન માટે આમંત્ર્યા. શ્રીકૃષ્ણે અસ્વીકાર કર્યો. શાન્તિદૂત શ્રીકૃષ્ણના સંભાષણથી કૌરવોનાં દુષ્કૃત્યો સુસ્પષ્ટ થતાં ભીષ્મ, દ્રોણ જેવા મંત્રીઓ કૃષ્ણના સમર્થક બન્યા. ભીષ્મ, દ્રોણ, ગાંધારી, ધૃતરાષ્ટ્ર અને કણ્વ, નારદ, જામદગ્ન્ય રામ વગેરેએ દુર્યોધનને સમજાવ્યો. ન માન્યો. તેણે તો રાજનીતિથી વિરુદ્ધ રાજદૂત કૃષ્ણને કેદ પકડવાનું ગોઠવ્યું. ક્ષિપ્રકારી શ્રીકૃષ્ણે તો

દુર્યોધન સહિત આખી કૌરવ સંસદને તેમના જ પાટનગરમાં કેદ કરી શકે તેવું સામર્થ્ય દર્શાવતાં દુર્યોધનની યોજના પડી ભાંગી. શ્રીકૃષ્ણે તે પછી પોતાનું વિશ્વરૂપ બતાવી કૌરવ સાંસદોને ભેદી નાખ્યા-રેચ આપ્યો. સંધિની વાટાઘાટો તૂટી પડી.

યુદ્ધ નિશ્ચિત થયું. છાવણીઓ નખાઇ ગઇ. કુરુક્ષેત્રના મેદાન ઉપર બન્ને પક્ષની સેનાઓ વ્યૂહબદ્ધ ગોઠવાઇ ગઇ. અર્જુનની વિનંતીથી શ્રીકૃષ્ણે રથને બન્ને સૈન્યોની વચમાં લીધો. ત્યાં બન્ને બાજુએ સ્વજનોને નિહાળતાં અર્જુનને ઘેરો વિષાદ થયો. તે યુદ્ધમાંથી નિવૃત્ત થઇને સંન્યાસી થવાની વાત કરવા લાગ્યો. શ્રીકૃષ્ણે ભગવદગીતાગાન સંભળાવીને તેને સ્થિર કર્યો. યુદ્ધ આરંભાયું. યુદ્ધમાં શ્રીકૃષ્ણે લડ્યા વિના પણ અનેક પ્રકારે સહાય કરીને પાંડવોને આફતોમાંથી વારંવાર બચાવ્યા અને વિજયી કર્યા. તેઓ અર્જુનના સારથિ બન્યા. અશ્વોની સેવા અને રથની જાળવણી કરી. અપ્રતિમ કૌશલથી યુદ્ધક્ષેત્ર ઉપર રથ હાંક્યો. રથી અર્જુનને વારંવાર માર્ગદર્શન આપ્યું. ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય, દુર્યોધન વગેરેને ધરાશાયી કર્યા. કર્ણની વાસવી શક્તિ ઘટોત્કચ ઉપર વેડફાવી અર્જુનને બચાવ્યો. ભૂરિશ્રવાના પંજામાંથી સાત્યકિને બચાવ્યો. જયદ્રથવધની અર્જુનની પ્રતિજ્ઞા પાર પાડી. મહાયુદ્ધમાં કટોકટીભરી સ્થિતિ હતી, ત્યારે ગાંડીવ બીજાને આપી દે એમ કહે તેનો વધ કરવો' તેવી પોતાની પ્રતિજ્ઞાના શબ્દને વળગી રહી, તેનું બાલિશ અર્થઘટન કરી, પૂજ્ય ગુરુજન મોટાભાઇ યુધિષ્ઠિરનો વધ કરવા અર્જુને તલવાર તાણી ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને સત્યાસત્યમીમાંસા કહી, ધર્મમય માર્ગ દર્શાવી બન્નેને બચાવી લીધા. શ્રીકૃષ્ણે દર્શાવેલી એ સત્યાસત્યમીમાંસા આજેપણ તેટલી જ તાજી છે.

મહાયુદ્ધ પછી દિવ્યશસ્ત્રાસ્ત્રોથી બળી ચૂકેલા અર્જુનના રથ ઉપરથી અર્જુનને પ્રથમ ઉતારી પોતે પછી ઊતર્યા અને રથને બળવા દીધો. કાર્ય પાર પડી જાય એટલે કૃતકૃત્ય થતાં દરેક ચીજ વિદાય લે છે એ સત્યનું અન્તર્યામી શ્રીકૃષ્ણે નિદર્શન કરાવ્યું.

સોએ પુત્રોના સંહારથી વ્યથિત સતી ગાંધારીને આશ્વાસન આપવા શ્રીકૃષ્ણ હસ્તિનાપુર ગયા. ધૃતરાષ્ટ્ર-ગાંધારીને આશ્વાસ્યા. વિજયની રાતે પાંડવોને શિબિરની બહાર રાખીને અશ્વત્થામાના રાત્રિસંહારમાંથી બચાવ્યા. ધૃતરાષ્ટ્રના જીવલેણ આશ્લેષમાંથી ભીમસેનને બચાવ્યો. ગાંધારી સાથે રણભૂમિ નિહાળતાં, કુપિત ગાંધારીએ શ્રીકૃષ્ણને કુત્સિત મરણનો શાપ આપ્યો તે સ્વીકાર્યો, અને એ રીતે પાંડવો ઉપરનો કોપ પોતાના ઉપર વાળી લીધો. પાંડવો બચી ગયા. ઉત્તરાના ગર્ભનું અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના આઘાત સામે રક્ષણ કર્યું. મૃતવત્ જન્મેલા પરિક્ષિતને પોતાના સંપૂર્ણ સત્યાચરણ અને ધર્માચરણના પ્રભાવે પુનર્જીવન આપ્યું.

મહાયુદ્ધમાં સ્વજનોના સંહારથી શોકાતુર ધર્મરાજાનો શોક દૂર કરવા શ્રીકૃષ્ણે કેટલાક પ્રાચીન 'ઇતિહાસો' દ્વારા આશ્વાસન આપ્યું. તેમને પુનઃ ઉત્સાહિત કરવા ભીષ્મ પાસે શાંતિબોધ અપાવ્યો. શરશય્યા ઉપર પોઢેલા ભીષ્મ ઉપદેશ આપી શકે તે માટે તેમનાં ગ્લાનિ, દાહ, વ્યથા, ક્ષુધા, તૃષા આદિ દૂર કર્યાં. તેમને તરુણ જેવા સંસ્કૃત તાજા અને ઉત્સાહી કર્યા. ભીષ્મ શ્રેયસ્કર વિષયો ઉપર પ્રવચન આપવા સમર્થ અને જ્ઞાનચક્ષુસંપન્ન થયા. શાંતિબોધ પૂર્ણ કરી શ્રીકૃષ્ણની અનુજ્ઞા લઇ ભીષ્મે યોગધારણાથી દેહ છોડ્યો.

ભીષ્મના શાંતિબોધ પછી પણ અસ્વસ્થતા અનુભવતા ધર્મરાજાને શ્રીકૃષ્ણે સુશીતળ પ્રવચનથી સ્વસ્થ બનાવ્યા. તે પ્રવચનમાં 'કામગીતા' કહી. યુદ્ધના સંક્ષોભકકાળમાં ભગવદગીતાનું જ્ઞાન સાંભળેલું તેથી ભૂલી ગયેલા. શ્રીકૃષ્ણે તેમને મૃદુ ઠપકો આપીને 'અનુગીતા' દ્વારા તે જ્ઞાન તાજું કરાવ્યું. સૌની વિદાય લઇ શ્રીકૃષ્ણ દ્વારકા ગયા.

**સ્વધામગમન :** શ્રીકૃષ્ણ જેવા સમર્થ આગેવાનની દોરવણી અને પ્રભાવના કારણે યાદવો બૃહત્તર ભારતમાં મહત્ત્વનું સ્થાન પામ્યા. બાહ્ય ભયથી સલામત બન્યા. આળસુ, વિલાસી, અભિમાની બન્યા અને છકી ગયા. મદમત્ત થઇને વિશ્વામિત્ર, કણ્વ આદિ મુનિઓની અમર્યાદ મશ્કરી કરી. મુનિઓએ શાપ્યા. પરિણામે

કૃષ્ણપુત્ર સાંબને મુસળ જન્મ્યું. એ મુસળથી યાદવો આપસમાં કપાઇ મૂઆ. શ્રીકૃષ્ણે કાળપલટો જોયો. યદુવંશનાશના સમાચાર અર્જુનને પહોંચાડવા સારથિ દારુકને મોકલ્યો. અત્યંત વૃધ્દ્ધ પિતા વસુદેવને અર્જુનના આગમનની પ્રતીક્ષા કરવા અને ત્યાં સુધી અનાથ સ્ત્રી-બાળકોને સંરક્ષણ માટે સોંપ્યાં. કેટલોક સમય વનમાં વિચર્યા. પરમાર્થવિશારદ ઉદ્ધવને સર્વશ્રેષ્ઠ આત્મજ્ઞાન આપ્યું. તે 'અવધૂતગીતા' કે 'ઉદ્ધવગીતા' નામથી સુવિખ્યાત છે. સ્વધામગમનનો સમય આવી ગયો છે એવું વિચારીને ઇન્દ્રિયો, મન અને વાણીને નિરોધીને એક અશ્વત્થ વૃક્ષ નીચે મહાયોગમાં પોઢ્યા. જમણી જાંઘ ઉપર ડાબો ચરણ રાખેલો. એવામાં જરા પારધીએ મૃગ જાણીને તેમના પગના તળિયાને વીંધ્યું. ખબર પડતાં પારધી બહુ દુ:ખી થયો. ક્ષમા માગી. શ્રીકૃષ્ણે તેને આશ્વાસન અને આશીર્વાદ આપ્યા. ઊર્ધ્વપ્રયાણ કરી ગયા.

- **ઉપસંહાર :**

આમ, પરમ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ એક સામાન્ય મનુષ્ય તરીકે આ પૃથ્વી પર જન્મ લઇને ભારતીય સમાજ ને કરેલ સારાં-નરસાં કર્મોનું ફળ ભોગવવું જ પડે છે, તે ખુદ પોતાના જિવન દ્વારા સમજ આપી ગયા. પોતે સ્વયં પરમાત્મા હોવા છતાં એક પારધીના હાથે મૃત્યુ પામે છે. જિવનનું સત્ય સમજાવવા પોતે તે પ્રમાણે જિવન જિવ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ નું આખું જિવન ચરિત્ર ટૂંકમાં આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. વિષ્ણુ પુરાણ, ભાગવત પુરાણ, હરિવંશ પુરાણ વગેરેના અભ્યાસથી આ પ્રકારનું કૃષ્ણ ચરિત્ર ઉપસી આવે છે. આ ઉપરાંત સાંયાજી ઝૂલા કૃત 'રુકિમણી હરણ' મા પણ કૃષ્ણના ચરિત્રની આગવી રેખાઓ જોવા મળે છે. તેની ચર્ચા પણ વિગતવાર થઇ શકે.

- **સંદર્ભ :**

૧. વિષ્ણુ પુરાણ, મહર્ષિ પરાશર, ગીતાપ્રેસ ગોરખપુર

૨. શ્રીમદ ભાગવત, મહર્ષિ વેદવ્યાસ, યોગેશ પબ્લિકેશન

૩. હરિવંશ પુરાણ, મહર્ષિ વેદવ્યાસ, સાહિત્ય સંકુલ

૪. ગુજરાતી વિશ્વકોશ ખંડ -૪, સંપાદક -ડૉ. ધીરુભાઇ ઠાકર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ